જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૬/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૮૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૯ લીટર દેશી દારૂ, ૩૧૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૦૮ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, રોક્ડ રૂપિયા ૫૫,૨૪૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૪/૧૫**

**નારણપુરા : (૧)** પવનભાઇ હેમંતભાઇ પટેલ (રહે, વૈભવ બંગ્લોઝ, વિ-૨, ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૬/૧૫ રાતના ૯/૦૦ થી તા.૨૩/૬/૧૫ ના કલાક ૪/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા વિજયનગર સ્કુલ ચાર રસ્તા પાસે આવેલ પોતાની કલીસ્તા નામની કાપડની દુકાનનાં શટરનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી (૧)સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. (૨) લેપટોપ (૩) કાપડ ભરેલ બે કાર્ટુન અને રોકડ રૂપિયા ૧,૫૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

**(૨)** અમરતભાઇ વાલજીભાઇ સોલંકી (રહે, ચંદ્રભાગા હાઉસીંગ, હરીઓમ રોડ, નવા વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૫ સવારના ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૨૨,૦૦૦/-, લેપટોપ, કેમેરો અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૮૫/૧૫</u>**

**આનંદનગર :** હેમાંગભાઇ ઇશ્વરભાઇ સાધુ (રહે.શ્રેયસપાર્ક સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા) એ તા.૧૮/૬/૧૫ સાંજના ૭/૦૦ વાગે આનંદનગર રોડ ઉપર આવેલ પુષ્પમ કોમ્પલેક્ષનાં સામેનાં ભાગે પોતાની મારૂતી ઝેન કાર નંબર જીજે ૧ બી.પી.૭૩૩૦ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હેમાંગભાઇ સાધુએ તા.૨૩/૬/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**વસ્ત્રાપુર :** મુરલીભાઇ હકુમતરાય ધનાની (રહે.આદિત્ય બંગ્લોઝ, સાલ હોસ્પીટલ સામે, થલતેજ) એ તા.૨૧/૬/૧૫ સાંજના ૭/૩૦ વાગે બોડકદેવ સિન્ધુભવન સામે પોતાની વેગનઆર કાર નંબર જીજે ૨ આર. ૫૨૭૨ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૯/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મુરલીભાઇ ધનાનીએ તા.૨૩/૬/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એફ.ચાવડા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૮૬/૧૫</u>**

**અમરાઇવાડી :** વિલીયમ કાંતીભાઇ ક્રિશ્ચીયન (ઉ.વ.૬૦) (રહે.જીવરામભટ્ટની ચાલી, રાજપુર ગોમતીપુર) તા.૨૨/૬/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી આશાપુરી નગર સામે, સ્વસ્તીક ચાર રસ્તા નજીકથી સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષા નંબર જીજે. ૦૧.એ.વી.૨૭૬૧ ના ચાલકે રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી વિલીયમભાઇની સાયકલને ટક્કર મારતાં, વિલીયમભાઇને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર વિલીયમભાઇનાં ભાણીયા વિલસન ક્રિશ્ચીયનએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જી.બી.ચાવડા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)